તાપમાન
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૩ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૯૫ | ૧૫ જૂન, ૨૦૧૬, બુધવાર ; જેઠ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જીએસટીને તમિળનાડુ સિવાય તમામ રાજ્યોનો ટેકો

રાજ્યોના નાણામંત્રી એમ્પાવર્ડ કમિટિની બેઠક યોજાઈ : પશ્ચિમ બંગાળ સહિતના ૨૨ રાજ્યોના નાણામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હોવાનો અરુણ જેટલીનો દાવો : તમિળનાડુને કેટલાક મુદ્દા ઉપર વાંધાઓ છે : જેટલી

કોલકાતા,તા. ૧૪

જીએસટીને લઈને ફરીવાર આશા ઉજળી બની છે. નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, તમિળનાડુ સિવાય જીએસટીના વિચારને તમામ રાજ્યો સ્વીકારી રહ્યા છે. તમિળનાડુને કેટલાક મુદ્દાઓ ઉપર વાંધો રહેલો છે. નાણામંત્રી જેટલીએ કહ્યું હતું કે, જીએસટીને આગળ વધારવા માટે તમામ રાજ્યો પ્રયાસ કરી રહ્યા છે. લાંબા ગાળાથી જેની રાહ જોવામાં આવી રહી છે તે પરોક્ષ કરવેરા સુધારા પર રાજ્યોના નાણામંત્રીઓની એમ્પાવર્ડ કમિટિની બેઠક બાદ જેટલીએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, જીએસટીના અમલીકરણ માટે આવી કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી. રાજ્યો અને કેન્દ્રીય સ્તર પર જુદી જુદી રજૂઆતો કરવામાં આવી રહી છે. સરકારે અગાઉ પહેલી એપ્રિલ ૨૦૧૬થી રાષ્ટ્રવ્યાપી સિંગલ ટેક્સ વ્યવસ્થાને અમલી કરવાની યોજના તૈયાર કરી હતી પરંતુ જીએસટી અંગે બંધારણીય સુધારા બિલ રાજ્યસભામાં અટવાઈ પડ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

ફ્રીડમ ૨૫૧ ફોનની ડિલિવરી ૨૮મી જૂનથી શરૂ કરાશે

નવીદિલ્હી,૧૪

૨૫૧ રૂપિયામાં સ્માર્ટ ફોન આપવાની જાહેરાત કરીને દેશભરમાં ભારે વિવાદ જગાવનાર અને ટેલિકોમ કંપનીઓમાં ખળભળાટ મચાવી દેનાર રિંગિંગ બેલ્સ દ્વારા આજે દાવો કરવામાં આવ્યો હતો કે, ૨૮મી જૂનથી કસ્ટમરોને હેન્ડસેટ આપવાની શરૂઆત થઈ જશે. ફોન ખરીદવા માટે નોંધણી કરાવી ચુકેલા કસ્ટમરોને ડિલિવરી આપવામાં આવશે. નોઈડા સ્થિત કંપનીના ડિરેક્ટર મોહિત ગોયેલ દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, અમે ૨૮મી જૂનથી કસ્ટમરોને ફ્રીડમ ૨૫૧ આપવાની શરૂઆત કરી દઈશું. એવા કસ્ટમરોને આ ફોન મળશે જે લોકોએ કેસ ઓન ડિલિવરી આધાર પર નાણા ચુકવવાની વાત કરી હતી.

માલ્યાને આખરે પ્રોક્લેમ્ડ ઓફેન્ડર જાહેર કરાયા

મુંબઈ,તા. ૧૪

મુંબઈની એક ખાસ અદાલતે આજે મની લોન્ડરિંગ કેસમાં શરાબ કારોબારી વિજય માલ્યાને પ્રોક્લેમ્ડ ઓફેન્ડર અથવા તો જાહેરરીતે કાનૂન તોડનાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ મામલામાં અરજી દાખલ કરનાર સરકારી તપાસ સંસ્થા ઈડીએ પણ માહિતી આપતા કહ્યું છે કે, પ્રોક્લેમ્ડ ઓફેન્ડર જાહેર કરવાની બાબત જરૂરી બની ગઈ હતી. કારણ કે વિજય માલ્યા પોતાની પાસેથી નાણા માંગનાર લોકોથી બચી રહ્યા હતા.

વરૂણ ગાંધીની અવગણના ભાજપ માટે સરળ નથી

પૂર્વીય ઉત્તરપ્રદેશમાં વરૂણ ગાંધીની જોરદાર ઉપસ્થિતિ : મોદી-અમિત શાહના મોટા પોસ્ટરોમાં વરૂણ ગાંધી નજરે પડે છે : વરૂણને મહત્વ આપવા દિગ્ગજો હજુ તૈયાર નથી

નવી દિલ્હી,તા. ૧૪

ઉત્તરપ્રદેશમાં ભાજપના દિગ્ગજો ભલે યુવા નેતા વરૂણ ગાંધીને મહત્વ આપી રહ્યા નથી પરંતુ તેમની હાજરી દેખાઈ રહી છે. સુલ્તાનપુરના સાંસદ વરૂણ ગાંધીની જોરદાર હાજરી પૂર્વીય ઉત્તરપ્રદેશમાં સરળતાથી જોઈ શકાય છે. પૂર્વીય ઉત્તરપ્રદેશ યુવા સાંસદના પૈતૃક ગૃહ જનપદ પણ છે. અહીં વરૂણની હાજરીની અવગણના કરી શકાય નહી. અલ્હાબાદમાં ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક પ્રદેશમાં ચાર વર્ષ બાદ યોજવામાં આવી હતી. આ અગાઉ આ બેઠક લખનૌમાં યોજાઈ હતી. અલ્હાબાદ શહેરમાં દરેક બાજુ અને નહેરુ-ગાધી પરિવારની વિરાસત ચારેબાજુ જોઈ

● અનુસંધાન પાન-૭ પર

સંસદીય સચિવોના મુદ્દે કેજરીવાલ લાલઘૂમ

તમામ રાજ્યોમાં સંસદીય સચિવો છે પરંતુ મોદી દિલ્હીના સંસદીય સચિવોને દૂર કરવા માંગે છે કારણ કે આમ આદમી પાર્ટીથી ભયભીત છે : કેજરીવાલ

નવી દિલ્હી,તા. ૧૪

દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા ગયા વર્ષે પસાર કરવામાં આવેલા દિલ્હી સરકારના સંસદીય બિલને ફગાવી દીધા બાદ આજે ભારે નાખુશ દેખાયા હતા. કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. કેજરીવાલે આક્ષેપ કરતા કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી રાજકીય દ્વેષભાવથી કામ કરી રહ્યા છે. કેજરીવાલે આક્ષેપ કરતા કહ્યુ હતુ કે મોદી આમ આદમી પાર્ટીથી ભયભીત થયેલા છે. તેમની રાત્રેની ઉંઘ હરામ થઈ ગઈ છે. જેથી તેઓ દિલ્હી સરકારની સામે પગલા લઈ રહ્યા છે. કેજરીવાલે રાષ્ટ્રપતિના નિર્ણય બદલ કેન્દ્ર સરકાર પર પ્રહારો કરતા કહ્યુ હતુ કે રાષ્ટ્રપતિ કોઈ મામલે નિર્ણય કરતા નથી.

આ નિર્ણય કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા લેવામાંઆવ્યો છે. રાષ્ટ્રપતિ સુધી તો કદાચ ફાઈલ જ પહોંચતી નથી.રાષ્ટ્રપતિના નામથી કામ થઈ જાય છે. કેજરીવાલે કહ્યુ હતુ કે અમને એવુ લાગી રહ્યુ હતુ કે

● અનુસંધાન પાન-૭ પર

અડધી ટિકિટ બંધ કરતા રેલવેને ૨૦ કરોડની વધારાની આવક

અલગ જ ટિકિટ અથવા તો બર્થ લેવાની સ્થિતીમાં પાંચથી ૧૨ વર્ષના બાળકોની પણ પુરી ટિકિટથી રેલવેને ફાયદો

મુંબઈ,તા. ૧૪

અલગથી સીટ અથવા તો બર્થ લેવાની સ્થિતીમાં પાંચથી ૧૨ વ્રષની વયના બાળકોની પણ હવે પૂર્ણ ટિકિટ લેવાના નિર્ણયથી રેલવેને મોટો ફાયદો થયો છે. સાથે સાથે યાત્રીઓને પણ મોટી રાહત થઈ છે. આ નિર્ણયના કારણે રેલવેની આવકમાં વધારો થઈ ગયો છે. સાથે સાથે લાખો યાત્રીઓને પણ કન્ફર્મ બર્થ મળી રહ્યા છે. પહેલા પાંચથી ૧૨ વર્ષના બાળકોને અડધી ટિકિટ પર જ પુરી સીટ મળી જતી હતી. હવે આ નિર્ણય ખતમ કરી દેવામાં આવ્યા બાદ રેલવેને ફાયદો થઈ રહ્યો છે. તેની આવકમાં જંગી વધારો થયો છે. હવે રેલવે દ્વારા પાંચ વર્ષથી લઈને ૧૨ વર્ષની વય ગ્રુપના બાળકો પાસેથી પણ પૂર્ણ ટિકિટ લેવાની જરૂર હોય છે. પ્રાપ્ત આંકડા દર્શાવે છે કે નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા બાદ ૨૨મી એપ્રિલથી હજુ સુધી મધ્ય અને પશ્ચિમી રેલવેને કુલ મળીને ૨૦ કરોડ રૂપિયાની વધારાની આવક મળી ગઈ છે. રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે છેલ્લા બે મહિનાના ગાળામાં સેન્ટરઅને વેસ્ટર્ન રેલવેથી આશરે ૫.૫ લાખ બાળકોએ વગર કન્ફર્મ ટિકિટ યાત્રા કરી છે. આનો મતલબ એ થયો કે આટલી સીટ બીજા યાત્રીઓ મળી ગઈ છે. આ રાષ્ટ્રીય સ્તર પર જુદી જુદી ટ્રેનોમાં વધારેના કોચ જોડવા જેવી બાબત રહેલી છે. તેમણે કહ્યુ હતુ કે રેલવેના નવા નિયમો અસરકારક સાબિત થઈ રહ્યા છે. નવા નિયમો રેલવેને સારી કમાણી કરીને આપી રહ્યા છે. રેલવે દ્વારા કોઈ પણ ખર્ચ વગર દર વર્ષે બે કરોડ વધારાની સીટ અથવા તો બર્થ ઉપલબ્ધ કરાવી દેવાના હેતુથી નવા નિયમો લાગુ કરવાનો નિર્ણય કર્યો છે.

રિટેલ ફુગાવો ૫.૭૬ ટકા : મોંઘવારી આસમાને

શાકભાજીની કિંમતમાં બે આંકમાં વધારો : કઠોળની કિંમતમાં ૩૫.૫૬ ટકાનો ફુગાવો : મે મહિનામાં કઠોળ, શાકભાજી, દૂધ, અન્ય ચીજવસ્તુઓની કિંમતમાં સતત જંગી વધારો નોંધાતા તંત્ર ચિંતાતુર

નવીદિલ્હી,તા. ૧૪

શાકભાજીની કિંમતોમાં બે આંકડામાં ઉલ્લેખનીય વધારો હાલમાં થઈ ગયા બાદ હોલસેલ પ્રાઈઝ આધારિત ફુગાવો મે મહિનામાં ઉલ્લેખનીયરીતે વધી ગયો હતો. બીજી બાજુ ભારતમાં કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવો (સીપીઆઈ)નો આંકડો મે ૨૦૧૬માં વધીને હવે ૫.૭૬ ટકા થયો છે જે તાજેતરના વર્ષોની સૌથી ઉંચી સપાટી છે.

શાકભાજીની ઉંચી કિંમતોના પરિણામ સ્વરુપે આ આંકડો ૫.૭૬ ટકા સુધી પહોંચ્યો છે. એપ્રિલ મહિનામાં ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટ ૦.૮ ટકા સુધી ઘટી ગયો હતો જે ત્રણ મહિનામાં પ્રથમ વખત ઘટાડો હતો. બીજી બાજુ સીપીઆઈ આધારિત ફુગાવામાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૨ના મૂળભૂત વર્ષથી રિટેલ ફુગાવાની નવી સિરિઝ શરૂ કરવામાં આવ્યા બાદથી સૌથી ઉંચો વધારો નોંધાયો છે. જાન્યુઆરી ૨૦૧૫થી આની શરૂઆત કરવામાં આવી હતી. એપ્રિલમાં સીપીઆઈ ફુગાવો ૫.૪૭ ટકા હતો. મે મહિનામાં હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવો વધીને ૦.૭૯ ટકા થયો છે. એપ્રિલ ૨૦૧૬માં ૦.૩૪ ટકા વધ્યો હતો.

શાકભાજીની ઉંચી કિંમતોના પરિણામ સ્વરુપે લોકોની હાલત કફોડી બની ગઈ છે. હોલસેલ અને રિટેલ ફુગાવા બંનેમાં વધારાના પરિણામ સ્વરુપે રિઝર્વ બેંક વ્યાજદરમાં ઘટાડો કરે તેવી શક્યતા ઓછી છે. એપ્રિલ ડબલ્યુપીઆઈ આધારિત ફુગાવો ૦.૩૪ ટકા હતો અને માર્ચમાં -૦.૪૫ ટકા હતો. શાકભાજીમાં ફુગાવો ૧૨.૯૪ ટકા રહ્યો છે. આમા ૨.૨૧ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે.

કઠોળના ફુગાવામાં પણ ઉલ્લેખનીય વધારો નોંધાયો છે અને આનો આંકડો ૩૫.૫૬ ટકા રહ્યો છે. મે મહિનામાં ખાદ્યાન્ન ફુગાવો ૭.૮૧ ટકા થયો છે જે એપ્રિલ મહિનામાં ૪.૨૩ ટકા હતો. કઠોળ, ખાદ્યાન્ન ચીજવસ્તુઓ, ઘઉં અને અન્ય ચીજવસ્તુઓના સતત વધી રહેલા ભાવના પરિણામ સ્વરુપે હાલત કફોડી બનેલી છે.

જો ફૂડ ઓઈલની કિંમત વર્તમાન સપાટી ઉપર રહેશે તો સરેરાશ ડબલ્યુપીઆઈ ફુગાવો આ નાણાંકીય વર્ષમાં ત્રણ ટકા સુધી વધી જશે. ફ્યુઅલ અને પાવર ફુગાવો મે મહિનામાં -૦.૧૪ ટકા રહ્યા છે. રિટેલ ફુગાવો ૨૧ મહિનાની ઉંચી સપાટી ઉપર છે. ચીજવસ્તુઓના ઉંચા ભાવના કારણે સામાન્ય લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ઈંડા, માંસ અને ફીશની કિંમતોમાં ૯.૭૫ ટકાનો વધારો નોંધાયો છે. લોકોના બજેટ બગડી ગયા છે.

ગુજરાત રાજ્ય ખરીદ નીતિ ૨૦૧૬ જાહેર

સ્વદેશી ચીજવસ્તુની ખરીદી પર સરકાર હવે ભાર મુકશે : સરકારી કચેરીઓએ નીતિનો ફરજિયાત અમલ કરવાનો રહેશે : વાજબી-સ્પર્ધાત્મક ભાવે ચીજવસ્તુઓ મળી જશે

અમદાવાદ, તા.૧૪

રાજયમાં આવેલા અતિ નાના, કુટિર અને લઘુ ઉદ્યોગો સહિતના ઔદ્યોગિક એકમો, શિક્ષિત બેરોજગારો દ્વારા શરૂ કરવામાં આવેલ ઉદ્યોગો અને ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ સંચાલિત સંસ્થાઓ વગેરેને પ્રોત્સાહનરૂપ તથા બજાર સહાયની કામગીરી કરતા નિગમો મારફત પણ લઘુતેમજ કુટિર ઉદ્યોગો વગેરે સરકારી ખરીદીમાં સીધો જ ભાગ લઈ શકે અને સાથો સાથ રાજયના સરકારી વિભાગો, ખાતાઓ, કચેરીઓને વાજબી ને સ્પર્ધાત્મક ભાવે ગુણવત્તાવાળી ચીજવસ્તુઓ મળી રહે તે હેતુથી રાજયના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ગુજરાત રાજય ખરીદ નીતિ-૨૦૧૬ જાહેર કરવામાં આવી છે. આ નિતી અનુસાર કેન્દ્ર સરકારના મેઈક ઈન ઈન્ડિયા અભિયાન

● અનુસંધાન પાન-૭ પર

ઋત્વા
હોમિયોપેથીક ક્લિનીક
ડો. પ્રગતિ જે. બારડ
Consulting Homoeopeth
B.H.M.S.
M. 8866112131
Email : drpragati1@gmail.com
ડેન્ટલ કેર & ઈમ્પ્લાન્ટ સેન્ટર
ડો. જયવીરસિંહ જે. બારડ
B.D.S., M.D.S.
Implantologist
M. 9723213734
Email : j.j.Barad@gmail.com
સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ ● સાંજે ૫.૦૦ થી ૯.૦૦ (રવિવારે રજા)
બ્લોક નં. એમ-૩૨/૩૭૬, સત્યમ એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૪, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

Wanted Teachers
at
Little Angels' School
682/2 Sec–8 Gandhinagar, Ph–079 23245153
Needed: an efficient and skilled (Graduate/ Post graduate Science teacher for classes IV To VIII . He / She should be well-versed with the nuances of the subject and should also know how to handle children with love and care. Candidates can submit their resumes at **Little Angels' School** between **9am to 1pm** for a **walk-in interview** from **14 June** onwards.

બેસણું
મારા પરમ પૂજ્ય પિતાશ્રી **સિધ્ધાર્થભાઈ કેશવલાલ ઝવેરી** તા.૧૨-૬-૨૦૧૬ને રવિવારે અરિહંતશરણ થયા છે. **સદ્ગતનું બેસણું તા.૧૬-૬-૨૦૧૬ને ગુરૂવારે સવારે ૮:૩૦ થી ૧૦:૩૦ દરમ્યાન** નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : કડવા પાટીદાર સમાજ ભવન, ઉમિયા મંદિર સંકુલ, સેક્ટર-૧૨, ગાંધીનગર.
હેતલ કિન્નર ઝવેરી કિન્નર સિધ્ધાર્થભાઈ ઝવેરી
જ્યોત્સનાબેન સિધ્ધાર્થભાઈ ઝવેરી
પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
ભરતભાઈ જ્યંતિલાલ ઝવેરી - ભદ્રેશભાઈ જ્યંતિલાલ ઝવેરી
(ડોશીવાડાની પોળ, અમદાવાદ)